**DATE: 25/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### અંકલેશ્વરમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પર લૂંટનો બનાવ

# સિક્યોરિટી ગાર્ડે ચોરી કરી લૂંટનું તરકટ રચ્યું હોવાનો પર્દાફાશ થયો

## સિક્યોરિટીને બંધક બનાવી રૂા. ૧.૯૧ લાખની લૂંટ કરી હતી

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના જુના દીવા ગામની સીમમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પર સિક્યુરિટીને બંધક બનાવી રૂા. ૧.૯૧ લાખની લૂંટ થવાના મામલામાં પોલીસે ફરિયાદી સિક્યુરિટી ગાર્ડની ધરપકડ કરી છે. આરોપીને પૈસાની જરૂર હોય તેણે જાતે જ લૂંટ થઈ હોવાનું તરકટ રચ્યું હતું.

ગત તા.૧૬મી જુલાઈના રોજ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પર સિક્યુરીટીને અજાણ્યા ચાર ઈસમોએ પકડી રાખી કુલ ૧.૯૧ લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ અંગે ફરીયાદી જીતેન્દ્રસીંગ રાજપુતએ અંકલેશ્વરમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે તપાસ ચલાવી રહેલ ભરૂચ એલસીબીને બાતમી મળી હતી કે આ લુંટના ગુનામાં અરવીંદસીંગ રાજપુત સંડોવાયેલ છે અને હાલમાં અમદાવાદ જુના વાડજ ખાતે ક્રીષ્ના સિક્યુરીટીમાં નોકરી કરે છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી અરવીંદસીંગ રાજપુતની અટકાયત કરી તેની પુછપરછ કરતા જણાવ્યું કે તેણે ચાર મહીના પહેલાં ફરીયાદી જીતેન્દ્રસીંગ શ્યામ બરણસીંગ રાજપુત તેમજ ભીમસીંગ રાજપુત, અંકીતસીંગ રાજપુત અને શીવાકાંતસીંગ રાજપુત સાથે જુના દીવા ગામે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા અને તેઓને પૈસાની જરૂર હોઈ જેથી તેઓ પાંચેય ભેગાં મળી બુલેટ ટ્રેન પ્રોજેક્ટના વાયરો ચોરી કરી હતી. અને વાયર ચોરીમાં પકડાઈ નહિ જાય તે માટે લુંટનું તરકટ રચ્યું હોવાની કબુલાત કરી હતી.

**DATE: 26/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# આલુંજમાં કતલખાના પર દરોડો ગૌ માંસ સાથે આરોપીની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વરના પાનોલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.દેસાઈને બાતમી મળી હતી કે આલુંજ ગામની પાછળ આવેલ બાવળી ખાંચામાં હાફેસ આદમ જોગીયાતના બાવળીયાવાળી પડતર ખેતરની બાજુમાં આવેલ પતરના શેડવાળા ગભાણમા ગૌવંશનું કટીંગ ચાલુ છે જે બાતમીના આધારે દરોડા પાડી ૧૪૦ કિલો ગૌમાંસ સહિત રૂ.૩૦,૮૫૦નો મુદ્દામાલ કબજે કરી આલુંજ ગામના જ આરોપી જગદીશ વસાવાની ધરપકડ કરી હતી. જ્યારે ગામના જ આશીફ અબ્દુલ સુલેમાન જોગીયાત અનેઅબ્દુલ સુલેમાન જોગીયાતને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે આરોપીઓ વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

**DATE: 26/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંક્લે. પોલીસે બાળકને સાથે રાખી ઘર શોધ્યું

# ગુમ થયેલા બાળકને પોલીસે પરિવાર સાથે ભેટો કરાવ્યો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી-ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલ વાલીયા ચોકડી પાસેથી પોલીસને આઠ વર્ષનો બાળક મળી આવ્યો હતો. બાળક પોતાના નામ સિવાય બીજું કંઈ જાણતો ન હતો. બાળક તેના ઘરેથી ચાલતા ચાલતા વિખૂટો પડી વાલિયા ચોકડી પાસે આવી ગયો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. જેથી પોલીસકર્મીઓએ બાળકને સાથે રાખી તેના પરિવારજનોની શોધખોળ શરૂ કરી હતી. જેમાં




પોલીસને સફળતા મળી હતી. બાળક ડી માર્ટની પાછળ આવેલ હરિઓમ પાર્કમાં રહેતા સુરેન્દ્ર પટેલનો પૌત્ર હોવાનું બહાર આવતા પોલીસે બાળકને તેના પરિવારને સોંપ્યો હતો. બાળકનો પરિવાર સાથે ભેટો થયો લાગણી સભર દ્રશ્યો જોવા મળ્યા હતા.

**DATE: 26/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પોલીસે 7 લાખનું ડ્રગ્સ અને કાર મળી 11 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં કારમાં ડ્રગ્સની હેરાફેરી કરતા રાજપારડીના 3 જણા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ઉદ્યોગ નગરી અંકલેશ્વરમાંથી ફરી એકવાર નશાના કાળા કારોબારના પર્દાફાશ થયો છે. અંકલેશ્વર ના વિવિધ ઔદ્યોગિક એકમોમાંથી ડ્રગ્સ ઝડપાયા બાદ હવે કારમાં ડ્રગ્સની હેરાફેરી કરતી હોવાનું બહાર આવ્યું છે. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સૂત્રો ને મળેલી બાતમીના આધારે તેઓ નેશનલ હાઇવે નંબર 48 પર ઉછાલી ગામ નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી વાળી ઈકો કાર આવતા તેને અટકાવી તપાસ કરતા અંદરથી ડ્રગનો રૂપિયા 7 લાખની કિંમતનો 70.600 ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલામાં પોલીસે ઝઘડિયાના રાજપાડીના રહેવાસી ઈમ્તિયાઝ ઈબ્રાહીમ શેખ, મહમદ જુબેર મહેરાબખાન ખોખર અને સુમિત વસાવાની ધરપકડ કરી છે. આરોપી ડ્રગ્સ ઝીપ લોક બેગમાં પેક કરી વેચાણ અર્થે લઈ જતા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પોલીસે ડ્રગ્સ અને કાર મળી કુલ રૂપિયા 11.47 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# કેબલ બ્રિજ પર અકસ્માત: પોલીસ ઇજાગ્રસ્તને ખભે ઉઠાવી લઇ ગઇ



ભરૂચ કેબલ બ્રિજ પર રાત્રીના સમયે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ટ્રકમાં રહેલા ચાલકને ઈજાઓ પહોંચી હતી.પરતું અકસ્માતના લીધે થયેલા ટ્રાફિકના કારણે એમ્બ્યુલન્સ સ્થળ પર નહીં પહોંચી શકતા ટ્રાફીક પોલીસ જવાને ઈજાગ્રસ્ત ટ્રક ચાલકને પોતાના ખભે ઉઠાવી એમ્બ્યુલન્સ સુધી પહોચાડી સરાહનીય કામગીરી કરી હતી.

**DATE: 27/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### શ્યામ એન્ટરપ્રાઈઝ નામના ગોડાઉનમાંથી ચોરી થઈ હતી

# કોલસા ચોરીના રૂા.૬૯ લાખના કૌભાંડમાં આરોપીની ધરપકડ

### પોલીસે અગાઉ આ મામલામાં ૯ આરોપીઓની ધરપકડ કરી હતી

। અંકલેશ્વર ।

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વરમાંથી કોલસા ચોરીના કૌભાંડનો પર્દાફાશ કરી કુલ રૂા. ૬૯ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવાના મામલામાં વધુ એક આરોપીની સુરતથી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.૨૩મી ઓગસ્ટના રોજ સુરતના મગદલ્લા પોર્ટ ખાતેથી ટ્રાન્સપોર્ટ મારફ્તે દહેજ ખાતે લઈ જવાતા ઈમ્પોર્ટેડ કોલસાની ટ્રક અંકલેશ્વર નજીક શ્યામ એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાં રોકી તેમાંથી કોલસાની ચોરી કરવામાં આવી રહી છે. બાતમીના આધારે ભરૂચ એલસીબીના દરોડા દરમ્યાન પોલીસે ગોડાઉનમાંથી ૬.૨૧ લાખનો ૯૦ ટન કોલસો ૪ ટ્રક, કાર અને મોબાઈલ મળી રૂ.૬૯.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ મામલામાં શ્યામ એન્ટરપ્રાઈઝ ટ્રેડીંગમાં કરશન રંગપરા તથા તેના બીજા ભાગીદારો ટ્રાન્સપોર્ટ ટ્રકમાંથી ઈમ્પોર્ટેડ કોલસો કાઢી લઈ અને ગોડાઉનમાંથી કોલસા સાથે થાનની કાળી માટી મીક્ષ કરી કોલસાની ચોરી કરતા હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે અગાઉ આ મામલામાં ૯ આરોપીઓની ધરપકડ કર્યા બાદ વધુ એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે સુરતના કડોદરા વિસ્તારમાંથી કુતુબુદ્દીન ખાન નામના આરોપીની ધરપકડ કરી છે. ઝડપાયેલ આરોપી સહારા ટ્રાન્સપોર્ટના માલિક હોવાનું બહાર આવ્યું છે.

**DATE: 28/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરની ગાર્ડનસિટીમાં બનેલી ઘટનામાં પોલીસની કાર્યવાહી

# પાડોશીની ₹ 10 લાખથી વધુની કિંમતની કાર સળગાવી દેનાર 2 મહિલાની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ગાર્ડન સીટીમાં પાડોશીઓની તકરારમાં 10 લાખથી વધુની કિમંતની કાર સળગાવી દેનાર 2 મહિલા આરોપીની પોલીસે ધરપકડ કરી છે. પાડોશી સાથે ચાલી રહેલાં ઝઘડાની અદાવતમાં બંને મહિલાઓએ મોપેડ પર આવી કારને આગચંપી કરી ફરાર થઈ ગઇ હતી. પોલીસે બંને મહિલાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા સબજેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

અંકલેશ્વરમાં કારને આગચંપી કરનારી બંને મહિલાઓ આખરે પોલીસ સકંજામાં આવી છે.ગાર્ડન સિટીમાં રહેતા કૌશિક માહિડા એ તેમની કાર ઘરની સામે પાર્ક કરી હતી. આ કારની કિમંત 10 લાખ કરતાં વધારે હતી.આ દરમિયાન રાત્રિના સમયે બે મહિલાઓ મોપેડ પર આવી કાર સળગાવી ત્યાંથી ચાલી ગઈ હતી. જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જેના આધારે અંકલેશ્વર ગ્રામ્ય પોલીસે બંને મહિલાઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ મામલામાં પોલીસે કાર સળગાવી દેનાર પલ્લવી પાટીલ અને અન્ય એક મહિલાની ધરપકડ કરી છે. પાડોશી મહિલા સાથેની તકરારમાં મારામારીની રીસ રાખી બન્નેએ ફરિયાદીની કાર સળગાવી દીધી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે બંને મહિલાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા સબજેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

**DATE: 28/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# આરએએફ 100 બટાલિયને પોલીસ સ્ટેશન વિસ્તારનો ચિતાર મેળવ્યો



**ભરૂચ** | આરએએફ 100 બટાલીયન દ્વારા ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારની માહિતી મેળવી પોલીસ સ્ટેશન વિસ્તારથી વાકેફ થઈ પોલીસ સ્ટેશન વિસ્તારનો ચીતાર મેળવ્યો હતો. તેમજ દહેજ બાયપાસ રોડ ઉપર આવેલ મુન્શી સ્કુલ ખાતે વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરી સાથે આધુનીક શીક્ષણનુ મહત્વ અંગે તેમજ RAF ટીમની કામગીરી અંગે સ્કુલના બાળકોને વાકેફ કર્યા હતા.

**DATE: 29/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYASKAR PAGE-01**

**લાલ રંગના કપડાથી તસ્કરનું પગેરું મળ્યું**

**ભરૂચના નવા એક્સપ્રેસ હાઇવે પાસે દોરા ગામે રેસ્ટ હાઉસમાં 3.58 લાખની ચોરીની ઘટનામાં ટ્રેકર ડોગની મદદ લેવાઇ : 15 શકમંદમાંથી ડોગે આરોપીને ગંધને આધારે ઓળખી લીધો**

# સિલ્કીના નાકે પકડ્યાં તસ્કરના કાન

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદના દોરા ગામની સીમમાં દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વેના રેસ્ટ હાઉસમાંથી 3.58 લાખ ભરેલું ગોદરેજનું લોકર ઉઠાવી જવાના કારસામાં પોલીસે તસ્કરોનો પગેરૂ મેળવવા માટે ભરૂચ ડોગ સ્કવોર્ડની ટ્રેકર ડોગ સિલ્કની મદદ લીધી હતી. સિલ્કે ગણતરીની મિનીટમાં પોલીસે ડિટેઇન કરેલાં 15 શકમંદો પૈકીના ચોરી કરનાર આરોપીને શોધી કાઢતાં ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો હતો. તસ્કર સ્થળ પર લાલ કપડું છોડીને ગયો હતો અને તેના લીધે તે પોલીસના સકંજામાં આવી ગયો છે.

આમોદ તાલુકામાંથી પસાર થતાં દિલ્હી મુંબઇ એક્સ્પ્રેસ -વે પર દોરા ગામની સીમમાં રેસ્ટ હાઉસ બનાવાયું છે. જ્યાં એક ઢાબાનો મેનેજરનો પણ રૂમ આવેલો છે. ત્યારે ગત 26મીએ તસ્કરે તેના રૂમમાંથી 3.58 લાખ રોકડા તેમજ અન્ય દસ્તાવેજ મુકેલું આખેઆખું લોકર કોઇ તસ્કરો ઉઠાવી ગયાં હતાં. ઘટનાના પગલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તેમજ પ્રાથમિક તબક્કે દોરા, દાંદા, તેલોદ, ઇખર, માતર, તેમજ ઓચ્છણ ગામના 15 જેટલાં શકમંદોને ડિટેઇન કર્યાં હતાં. બીજી તરફ પોલીસે ડોગ સ્કવોર્ડની મદદ માંગતા વિભાગના ડોગ ટ્રેનર હેડ કોન્સ્ટેબલ અભય કાયસ્થ ટ્રેકર ડોગ સિલ્કી સાથે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. તસ્કરોએ લોકર લઇ જતી વેળાં તેના પર મુકેલું લાલ કપડું ત્યાં જ ફેંકી ગયાં હોઇ તેના આધારે ટ્રેકર ડોગ સિલ્કીએ ત્યાં હાજર રાખેલાં 15 શકમંદોને સુંઘીને આરોપીને શોધવાનો પ્રયાસ કરતાં દોરા ગામના વાળંદ ફળિયામાં રહેતો ચિરાગ દિનેશ વાળંદને સુંઘી સિલ્કીએ તેના પર ભસીને ઇશારો કરતાં પોલીસે ચિરાગ વાળંદની ઉલટ પુછપરછ કરતાં આખરે ચોરીની કબુલાત કરી હતી. પોલીસે તેની પાસેથી ચોરીનો આખો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## ઇકોના હપ્તા ભરવા માટે ચોરી કર્યાની આરોપીની કેફિયત

એક્સપ્રેસ-વેના રેસ્ટ હાઉસમાં ચોરી કરનાર ચિરાગ વાળંદની પોલીસે ઉલટ તપાસ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેની ઇકો કારના હપ્તા ભરવાના બાકી હતી. તેણે રૂપિયા માટે અનેક પ્રયાસો કર્યાં પણ કોઇ જગ્યાએથી મેળ પડ્યો ન હતો. તેને ઢાબા સંચાલક અંગેની જાણ હોઇ તેણે તેના રૂમમાં ચોરી કરવાનો કારસો રચી ચોરી કરી હતી.

## કોણ છે ટ્રેકર ડોગ સિલ્કી

ભરૂચના ડોગ સ્કવોર્ડની સિલ્કી ડોગએ એક વર્ષની ટ્રેકરની તાલીમ મેળવી ચોરી,લૂંટ અને હત્યા જેવા ગુનામાં આરોપીઓને શોધવા માટેની મહારત મેળવી છે. ગાંધીનગરથી પોલીસ વિભાગમાંથી સાત વર્ષ પહેલાં 42 દિવસની સિલ્કી નામની ડોબરમેન બ્રીડની ફિમેલ ડોગ આપવામાં આવી હતી. જેનું 6 મહિના સુધી પાલન કર્યાં બાદ ખાતે ભરૂચ ડોગ સ્કવોર્ડના હેડ કોન્સ્ટેબલ અભય કાયસ્થે અમદાવાદ ખાતે લઇ જઇ તેને એક વર્ષની ટ્રેકર ડોગ તરીકેની તાલીમ આપી હતી. છેલ્લાં સાડાપાંચ વર્ષથી સિલ્ક ભરૂચમાં વિવિધ ગુનાઓમાં ટ્રેકર ડોગ તરીકે કરે છે.

## તેલોદ ગામની સીમમાં તિજોરી સંતાડી હતી, કબજે લેવાઇ

ટ્રેકર ડોગ સિલ્કીએ આરોપી ચિરાગ વાળંદને ઓળખી બતાવતાં પોલીસે તેની ઉલટ તપાસ કરતાં તેણે પડી ભાંગી ચોરીની કબુલાત કરી હતી. ઉપરાંત તેણે ચોરીનો મુદ્દામાલ તેલોદ ગામની સીમમાં કેનાલ પાસે સંતાડ્યો હોવાનું કબુલ કરતાં તેને સાથે રાખી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ઉમલ્લા પોલીસે પાણેથા ગામેથી દારૂ ઝડપી પાડ્યો

ભરૂચ, ઝઘડિયાઃ ઉમલ્લા પોલીસે પાણેથાના અજય ખોડા વસાવાના ઘરે દારૂની બાતમીના આધારે રેડ પાડી તપાસ હાથ ધરી હતી. અંતે ઘરના પાછળના ભાગે વાડામાં આવેલા બાથરૂમમાં તપાસ કરતાં બ્રાન્ડેડ દારૂની 220 જેટલી બોટલો મળી આવી હતી. પોલીસે કુલ 50,465નો દારૂ કબજે કરી અજય ખોડા વસાવાની ધરપકડ કરી હતી. જ્યારે છોટાઉદેપુરના મહેશભાઈ રાઠવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYASKAR PAGE-04**

### આમોદ પોલીસે ઇખરના જ ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરી ગુનો નોંધ્યો

# ઈખર ગામની સીમમાં કતલ કરવાના ઈરાદે બાંધી રખાયેલા 6 ગાય-વાછરડાં બચાવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકાના ઈખર ગામે શહેનશાહવાળી નવી નગરી પાસે આવેલાં ભાયજી અબ્દુલ્લાના તબેલો અને મનિષા માસ્તરના પ્લોટિંગની પાછળ આવેલાં બાવળિયામાં ગૌવંશની કતલ કરવામાં આવનાર હોવાનું તેમજ ત્યાં કુલ 6 ગાય અને વાછરડાં ક્રૂરતાપુર્વક બાંધી હોવાની ચોક્કસ બાતમી આમોદ પોલીસને મળતાં પીઆઈ આર. બી. કરમટીયા અને તેમની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો.જ્યાં બે ગાય તેમજ 4 વાછરડાંને બાવળિયા સાથે ટૂંકા દોરડાથી ક્રૂરતાપુર્વક ગળેફાંસો આવે તેમજ શ્વાસ રૂંધાઈને મૃત્યુ થાય તે રીતે ક્રૂરતાપુર્વક બાંધેલી મળી આવી હતી. તપાસ કરતાં ત્યાં ઘાસવાળી જગ્યામાં એક કુહાડી, છરો, હાથાવગરનું પાળિયુ, હેક્સો બ્લેડ ભરેલો એક થેલો પણ મળી આવ્યો હતો. જેનો ઉપયોગ આરોપીઓ ગૌવંશની કતલ કરવા માટે કરવાના હતાં. ઘટના સ્થળેથી કોઈ વ્યક્તિ મળ્યો ન હતો. જોકે, પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે, મુસ્તાક ઉર્ફે મુન્ના જાલુખા પઠાણ તેમજ તેનો પુત્ર મુસ્તકીમ ઉર્ફે મુસો, તેનો ભત્રીજો શકીલખાં શરીફખાન પઠાણ તથા મોઈનખા નિઝામખા પઠાણે કતલના ઈરાદે 6 ગાય-વાછરડાં બાંધી રાખ્યાં હતાં. જેના પગલે પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરી તમામ વિરૂદ્ધ પશુઘાતકીપણાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મુસ્તાક પઠાણ સામે અગાઉ પણ ગુના નોંધાયા છે

પોલીસે આરોપીનો ગુનાઈત ભુતકાળ જાણવા માટે ગુજકોપમાં તેમના ગુનાઓ તપાસતાં મુસ્તાક ઉર્ફે મુન્ના પઠાણ વિરૂદ્ધ વર્ષ 2019માં આમોદમાં, 2023માં કરજણ પોલીસ સ્ટેશનમાં તેમજ 2024માં ક્રિમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# અંકલેશ્વરમાં દારૂ સાથે બે ખેપિયા ઝડપાયા

અંકલેશ્વરઃ સુરતથી દારૂનો જથ્થો ભરી એક ટાટા કંપનીની વાન ભરૂચ તરફ ગોલ્ડન બ્રિજવાળા રોડથી પસાર થવાની છે તેવી બાતમીના આધારે અંકલેશ્વરના પ્રતીન ચોકડી વિસ્તારમાં અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી વાન આવતાં તેને રોકી તપાસ કરતાં રૂ.81,400નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાં સવાર બે ખેપિયા ભરૂચના રહીશો સ્વપ્નીલ ઉર્ફે સોનુ અજય ચૌહાણ, પ્રશાંત ઠાકોર પરમારની અટકાયત કરી હતી. પોલીસે તેમની પાસેથી દારૂનો જથ્થો, બે મોબાઈલ તેમજ વાન મળી કુલ રૂ.3,87,490 મતાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. આ દારૂનો જથ્થો સુરતના ઉધનાથી ઇમરાન નામના વ્યક્તિએ ભરી આપી ભરૂચની જ્યોતિનગર સોસાયટીમાં રહેતા તિલક હરિકૃષ્ણ પટેલને ડિલિવર કરવાનો હતો. આથી પોલીસે દારૂ મોકલનાર અને મંગાવનાર બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYASKAR PAGE-01**

### દોરા ગામે ચોરી કરી હતી, રિમાન્ડ નામંજૂર થયા

# 3.58 લાખની ચોરીનો આરોપી આખરે સબજેલમાં ધકેલી દેવાયો



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર આમોદ તાલુકાના દોરા ગામે આવેલાં રેસ્ટ હાઉસ પાસેના રૂમમાં રહેતાં અને ઢાબાના મેનેજરના ઘરમાંથી રોકડા 3.58 લાખ રૂપિયા ભરેલું ગોદરેજ કંપનીનું લોકર તસ્કર ઉઠાવી ગયો હતો. જેની તપાસ માટે ભરૂચ ડોગ સ્કવોર્ડની ટ્રેકર ડોગ સિલ્કીની મદદ લેવાતાં દોરા ગામમાં જ રહેતો ચિરાગ દિનેશ વાળંદ નામનો આરોપી ઝડપાઈ ગયો હતો. ઈકો કારની લોન ભરવા માટે તેણે ચોરીને અંજામ આપી હોવાની કેફિયત રજૂ કરી હતી. ત્યારે પોલીસે તેની ઉલટ તપાસમાં તેણે તેલોદ ગામની સીમમાં કેનાલ પાસે લોકર સંતાડ્યાનું કબુલતાં પોલીસે 100 ટકા રિકવરી કરી હતી. તેને કોર્ટમાં રજૂ કરતાં 100 ટકા મુદ્દામાલ રિકવરી થઈ હોઈ તેને સબજેલમાં ધકેલી દેવાનો હૂકમ કર્યો હતો.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### ગામની ભૌગોલિક સ્થિતિની માહિતી મેળવી

# નબીપુર ખાતે રેપીડ એક્શન ફોર્સ દ્વારા ફ્લેગમાર્ચ યોજાઈ



। પાલેજ ।

ગુજરાત ૧૦૦ બટાલિયન રેપીડ એક્શન ફોર્સની ટીમ ગુજરાત રાજયના વિવિધ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈ ફ્લેગમાર્ચ કરી ભૌગોલિક રચનાથી માહિતગાર થઈ રહી છે. જે અંતર્ગત રેપીડ એક્શન ફોર્ના ડી.વાય.એસ.પી. રાજેશ તિવારીની દોરવણી હેઠળ ભરૂચ જિલ્લાના નબીપુર પોલીસ મથકની મુલાકાતે આવી હતી. તેમણે આ દરમ્યાન ગામની ભૌગોલિક રચના જાણવા માટે નબીપુર પોલીસ મથકના પીઆઈ એમ.કે.પરમાર અને સ્ટાફને સાથે રાખી ફલેગમાર્ચ યોજી હતી. ફલેગમાર્ચ દરમ્યાન પ્રજાનો પણ સુંદર પ્રતિભાવ મળ્યો હતો.

### અંક્લેશ્વર બી ડિવીઝન પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો

# કોસમડીમાં વકફબોર્ડની જમીનના મામલે મહિલા સહિત 2ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

કોસમડી વક્ફ બોર્ડ જમીનમાંબોગસ મંજૂરી પત્ર આપનાર વક્ફ બોર્ડ મહિલા કર્મચારી સહીત વધુ એકની ધરપકડ કરી હતી.આ કેસમાં 5 આરોપીની ધરપકડ પોલીસે કરી છે.

કોસમડી ગામ ખાતે મસ્જિદ મદ્રેસા ટ્રસ્ટના ટ્રસ્ટી દ્વારા ટ્રસ્ટની સર્વે નંબર 378. બ્લોક/સર્વે નંબર 809 ની ક્ષેત્રફળ 2-64-91 વળી જમીન ધાર્મિક ગોધાણી ને ભાડે આપવા માટે ટ્રસ્ટી યાકુબ યુસુફ નાંધલાએ કરાવી હતી.

જે પત્ર અંગે કચેરી તરફથી ખરાઈ કરતા વક્ફ બોર્ડ દ્વારા આવી કોઈ મંજૂરી પત્ર આપવામાં આવ્યો ના હોવાનો ખુલાસો થતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તપાસમાં અમદાવાદ ખાતેવકફ બોર્ડની કચેરીમાં કાયમી નોકરી કરતી મહિલા કર્મર્ચારી અફસાના કાજીની ધરપકડ અગાઉ કરવામાં આવી હતી. આ મહિલાએ બોગસ સહમતી પત્ર આપ્યો હોવાની કબૂલાત કરી હતી. હાલ આ કર્મચારી સબજેલમાં હોવાથી તેની ટ્રાન્સફર વોરંટ પર અંતે બી ડિવિઝન પોલીસ એ ધરપકડ કરી હતી. અમરેલીના ઈકબાલ ઈસા આદમ દરૈયાની પણ બોગસ સહમતી પત્ર આપવામાં ભૂમિકા હોવાનું સામે આવતા પોલીસે તેની પણ ધરપકડ કરી છે. બંને આરોપીના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYASKAR PAGE-02**

# જંબુસર પોલીસ તરફથી ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું



**જંબુસર|** શિયાળાની ઠંડીનો પ્રારંભ થઈ ચુકયો છે ત્યારે જંબુસર પોલીસે ખુલ્લામાં રાત વિતવતા લોકોને ધાબળાનું વિતરણ કરી માનવતા મહેંકાવી હતી. પી આઈ એ. વી. પામણીયા ના માર્ગદર્શનથી એએસઆઈ રાજેન્દ્રસિંહ બાથમ સહિત કનકસિંહ ઝાલા, રજની પટેલ, ઉમંગ હરિભાઈ તેમજ સ્ટોફ દ્વારા 15 જેટલા ગરીબોને ધાબળાઓ આપવામાં આવ્યાં હતાં.

**DATE: 30/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# નેત્રંગ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



નેત્રંગ : નેત્રંગ તાલુકાના ચાસવડ ગામની આશ્રમશાળાની CRPF કમાન્ડર રાજેશ તિવારીએ અને અન્ય કમાન્ડોએ મુલાકાત લઈને વિધાર્થીઓ સાથે વાર્તાલાપ કરી દેશની સેવા-સુરક્ષા માટે ભારતીય સેનામાં ભરતી થવું જોઈએ. વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ ભવિષ્ય હાંસલ કરવા માટે સારો અભ્યાસ જરૂરી છે જે વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. નેત્રંગ પો. સ્ટેશનમાં CRPF કમાન્ડર રાજેશ તિવારીએ અને અન્ય કમાન્ડોએ શાંતિ-સમિતિની બેઠક યોજી હતી. વિવિધ ગામના આગેવાનો સાથે ભુગોળની પરિસ્થિતિનો તાગ મેળવી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ગ્રામજનોને સાથે ચર્ચા કરી હતી. જે દરમ્યાન પુર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયા,નેત્રંગ પો. સ્ટેશનના પીઆઈ આર.સી વસાવા સાથે વિવિધ ગામના સરપંચો-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 01/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

દિવ્ય ભાસ્કર, ભરૂચ, રવિવાર, 1 ડિસેમ્બર, 2024

### સગીરાને પ્રેમ સંબંધ નહીં બાંધે તો મરી જઇશ તેમ કહીં ભોળવી હતી, શહેર પોલીસે સાંયોગિક પુરાવા એકત્ર કર્યાં

# અંકલેશ્વરમાં સગીરા સાથે દુષ્કર્મ કરનાર પરિણીત ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં એક સગીરાને પરિણીત યુવાને તે તેની સાથે પ્રેમ સંબંધ નહીં બાંધે તો તે મરી જશે તેવી ધમકીઓ આપી પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું. દરમિયાનમાં સગીરાને પેટમાં દુ:ખાવો થતાં તેને સારવાર માટે લઇ જતાં બે મહિનાનો ગર્ભ રહીં ગયો હોવાનું માલુમ પડ્યું હતું. તેમણે અંકલેશ્વર એ ડિવિઝ ન પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

અંકલેશ્વર શહેરમાં સગીર દીકરી પર બદદાનત રાખી પરિણીત શખ્સે દુષ્કર્મ આચર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અંકલેશ્વર શહેરમાં રહેતા 37 વર્ષીય શખ્સ તેની પત્ની-બાળક અને માતા સાથે રહેતો હતો. દરમિયાનમાં ચારેક મહિના પહેલાં તેની દાનત તેના પાડોશમાં રહેતી એક સગીરા પર બગડી હતી. તે પરીણિત હોવા છતાં સગીરાને તે તેને ખુબ પસંદ કરે છે તેમ કહી પોતાની સાથે બોલવા માટે દબાણ કરતો હતો. જોકે, સગીરાએ તેને ના પાડી જતી રહી હતી. જોકે, તેણે ત્રણેકવાર સગીરાને પ્રેમસંબંધ રાખવા માટે પ્રપોઝ કરી જો તે પ્રેમસંબંધ નહીં રાખે તો મરી જઇશ તેમ કહીં તેની લાગણીઓ સાથે રમત રમી સગીરાને ભોળવી તેને પ્રેમ સંબંધ રાખવા હા પડાવી હતી.

જે બાદ તે તેને વીટી કોલેજ અને સરદાર પટેલ હોસ્પિટલ પાસે મળવા બોલાવતો હતો. ગત સપ્ટેમ્બર મહિનામાં તેણે સગીરાને દિવા રોડ પરના એક મંદિર પાસે બોલાવતાં તે તેની બહેનપણી સાથે ત્યાં ગઇ હતી. જે બાદ શખ્સે તેની બહેનપણીને દૂર ઉભી રાખી સગીરાને ઝાડીઓમાં લઇ ગયો હતો. જ્યાં તેણે તેની સાથે શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો હતો. તેણે તેને કાંઇ પણ થાય તો સંભાળી લઇશ, તારી સાથે કોઇ લગ્ન નહીં કરે તો હું કરીશ તેમ કહીં તેને ભોળવી તેની સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ તે અને તેની બહેનપણી ત્યાંથી ઘરે જતી રહી હતી. જેના ત્રણેક અઠવાડિયામાં પુનઃતેને તે જ સ્થળે લઇ જઇ દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ ઓક્ટોબર મહિનામાં શખ્સે તેના મિત્રના ઘરે લઇ જઇ ત્યાં પણ દુષ્કર્મ આચર્યું હતું. અરસામાં તેણે સગીરાને બળજબરી કરી ફોનમાં તેનો નગ્ન ફોટો મંગાવ્યો હતો. અરસામાં સગીરાને માસિક ધર્મ નહીં આવતાં અને તેનું અગાઉ એપેન્ડિસનું ઓપરેશન કર્યું હોઇ તેને પેટમાં દુખાવો થયો હોવાથી તેનું તબીબી પરિક્ષણ કરવા માટે હોસ્પિટલમાં લઇ ગયાં હતાં. જ્યાં સોનોગ્રાફિ કરાવતાં તબીબે સગીરાને બે મહિનાનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. જેના પગલે પરિવારે સગીરાને પુછપરછ કરતાં તમામ ભાંડો ફૂટતાં આખરે તેમણે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીને સુરતથી ઝડપી પાડ્યો હતો. તેમજ પોલીસે વિવિધ સ્થળોનું પંચનામુ કરવા સાથે તબીબના રિપોર્ટ સહિતના સાંયોગિક પુરાવા એકત્ર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

\

# દારૂના ગુનામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી ઝડપાયો

ભરૂચ તા.૩૦

ભરૂચ પેરોલ ફલી સ્કોડની ટીમે વલસાડમાં નોંધાયેલા દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ પેરોલ ફલી ટીમના પીએસઆઈઅને તેમની ટીમ જીલ્લાના તથા જીલ્લા બહારના બનેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા કામગીરીમાં ઝઘડીયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.આ દરમ્યાન મળેલી માહિતીના આધારે ટીમે વલસાડ સીટી પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગણનાપાત્ર ગુનાના કામના નાસતા ફરતા આરોપી બાબુ શનાભાઈ વસાવા કુવરપરાથી વાઘપુરા ગામ જવાના રોડ પરથી પકડી પાડી અટકાયત કરી કાર્યવાહી કરવા સારૂ ઝઘડીયા પોલીસ સ્ટેશનમાં સોંપ્યો છે.

**DATE: 01/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-14**

### નવા બનાવેલા ગેટનું લોકાર્પણ થયું

# ભરૂચ એ.ડિવિઝન પોલીસ મથકનું ઈન્સ્પેકશન યોજાયું

। ભરૂચ ।

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસવડાના વાર્ષિક ઈન્સ્પેકશનના ભાગરૂપે નવા બનાવેલા ગેટ અને લોક દરબારનું આયોજન કરાયુ હતુ જેમાં મોટી સંખ્યામાં શાંતિ સમિતિ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ મથકના વાર્ષિક ઈન્સ્પેકશન નિમિત્તે પ્રથમ ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના હસ્તે એ.ડીવીઝન પોલીસ દ્વારા બનાવવામાં આવેલા પ્રવેશ દ્વારનું રીબીન કાપીને લોકાર્પણ કરાયુ હતુ. ત્યારબાદ એ.ડીવીઝન પોલીસ મથકનું વાર્ષિક ઈન્સ્પેકશનના ભાગરૂપે એસપી દ્વારા પોલીસ કર્મીઓનં નિરીક્ષણ કરી જરૂરી સુચનાઓ આપી હતી. ત્યારબાદ પોલીસવડા મયુર ચાવડાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો હતો જેમાં વિવિધ વિસ્તારના રહીશો, અગ્રણીઓ, લોક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.જેમાં ઉપસ્થિત રહેલા પ્રતિનિધિઓએ શહેરમાં ટ્રાફિક, સુરક્ષા સહિતના વિવિધ મુદ્દાઓ અંગે રજુઆતો કરી હતી. લોકોએ કરેલી રજુઆતો અંગે પોલીસવડાએ પોલીસ અધિકારીઓને લોકોની સમસ્યાઓ વહેલી તકે દુર કરવા માટે આદેશ પણ આપ્યા હતા. આ કાર્યક્રમમાં ભરૂચ શહેર ડીવાયએસપી સી.કે.પટેલ, એ. ડીવીઝન પીઆઈ વી.યુ.ગદરીયા, સેકન્ડ પીઆઈ વ્યાસ સહિતના પીએસઆઈ અને પોલીસ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લોક દરબારનું પણ આયોજન કરાયું

**DATE: 01/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### તોફાનો અને અન્ય પ્રવૃત્તિની માહિતી મેળવી

# જંબુસર- આમોદમાં રેપીડ એક્શન ફોર્સની ફ્લેગ માર્ચ

। જંબુસર ।

જંબુસર તથા આમોદ નગરમાં સ્થાનિક પોલીસને સાથે રાખી રેપીડ એક્શન ફોર્સની ફ્લેગ માર્ચ યોજાઈ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈને તેનો ચિતાર મેળવી ભૂતકાળમાં થયેલા તોફાનો અને અન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રાપ્ત કરી શકાય તે ઉદ્દેશ્યથી ફ્લેગ માર્ચ કરવામા આવી હતી.

મળતી માહિતી અનુલાર આમોદ પોલીસ સ્ટેશન ખાતે પી. આઈ. આર.વી.કરમટીયા અને પી. એસ.આઈ. રાજેન્દ્રસિંહ અસવાર તથા પોલીસ સ્ટાફ સાથે ૧૦૦ બટાલિયન રેપીડ એક્શન ફોર્સની ટીમ દ્વારા આમોદ નગરમાં આવેલા તિલક મેદાન, ચાર રસ્તા સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

ત્યારબાદ રેપિડ એક્શન ફોર્સની ટીમ જંબુસર ખાતે આવી પહોંચી હતી અને જંબુસરમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર કિર્તનસિંહ સોલંકી તથા કે.બી. રાઠવા તથા પોલીસ સ્ટાફ સાથે ફ્લેગમાર્ચ યોજી નગરના સંવેદનશીલ વિસ્તારથી વાકેફ થયા હતા.

ફ્લેગમાર્ચ બાદ જંબુસર પોલીસ મથક ખાતે શહેરની શાંતિ સમિતીની બેઠકનું પોલીસ અધિકારીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ.

## શાંતિ સમિતિની બેઠકનું પણ આયોજન કરાયું